# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

***************************************************

1) દ્વિપક્ષિય સંબંધોને નવો ઓપ આપવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મોરેશિયસની બે દિવસની મુલાકાતે પહોંચશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સમયની માંગ અનુસાર શિક્ષણ પ્રણાલીમાં નોંધપાત્ર ફેરફારો લાવશે.

3) ગત રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર થયેલા એક મોટા સાયબર હુમલાના પરિણામે નેટવર્ક ઠપ્પ થયુ.

4) ખરિફ પાકોના વધુ ઉત્પાદનની આશા સાથે ચાલુ વર્ષનો કૃષિ ઉત્પાદનનો અંદાજ જાહેર કરતું કેન્દ્રીય કૃષિ મંત્રાલય.

5) નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં આજથી વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિકસનો આરંભ થશે.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN. PM-MAURITIUS VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મોરેશિયસની બે દિવસની મુલાકાત પર પોર્ટ લુઇસ પહોંચશે. પ્રધાનમંત્રીએ તેમના પ્રસ્થાન નિવેદનમાં કહ્યું, મોરેશિયસ એક નજીકનો દરિયાઈ પાડોશી, હિંદ મહાસાગરમાં એક મુખ્ય ભાગીદાર અને આફ્રિકન ખંડનું પ્રવેશદ્વાર છે. શ્રી મોદીએ કહ્યું, બંને રાષ્ટ્રો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ દ્વારા જોડાયેલા છે અને પરસ્પર વિશ્વાસ, લોકશાહીના મૂલ્યોનું જતન અને વૈવિધ્યસભર ઉજવણી બંને દેશોની શક્તિઓ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, તેઓ મોરેશિયસના નેતૃત્વ સાથેના સંબંધોને વધુ ઉષ્માસભર બનાવવા આતુર છે. સુદ્રઢ સંબંધો દ્વારા લોકોની પ્રગતિ અને સમૃદ્ધિ તેમજ હિંદ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા અને વિકાસ માટે સ્થાયી મિત્રતાને મજબૂત બનાવશે  તેવો પણ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ મુલાકાત ભારત અને મોરેશિયસ સંબંધોમાં એક નવો અને તેજસ્વી અધ્યાય શરૂ કરશે તેવી પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આશા વ્યક્ત કરી હતી.

આજની તેમની મુલાકાત દરમિયાન શ્રી મોદી સર સીવુસાગુર રામગુલામ બોટનિકલ ગાર્ડનની મુલાકાત લેશે અને સર સીવુસાગુર રામગુલામ અને સર અનરુદ જુગનાથને શ્રદ્ધાંજલિ આપશે. તેઓ આ સંકુલમાં વૃક્ષારોપણ પણ કરશે. આ પછી, પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ ધર્મ ગોકુલને મળશે. શ્રી મોદી આજે સાંજે મોરેશિયસમાં રહેતા ભારતીય મૂળના લોકોને સંબોધશે. બાદમાં, શ્રી મોદી તેમના મોરેશિયસ સમકક્ષ નવીન ચંદ્ર રામગુલામને મળશે. પ્રધાનમંત્રી મોદી આવતીકાલે મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. ભારતીય નૌકાદળના જહાજ સાથે ભારતીય સંરક્ષણ દળોની એક ટુકડીની ઉજવણીમાં ભાગ લેશે. આ મુલાકાત દરમિયાન દરિયાઈ સુરક્ષા, ક્ષમતા નિર્માણ અને વેપાર જેવા ક્ષેત્રોમાં અનેક કરારો પર હસ્તાક્ષર થવાની શક્યતા છે.

# PRESIDENT-NATIONAL EDUCATION POLICY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સમયની માંગ અનુસાર શિક્ષણ પ્રણાલીમાં નોંધપાત્ર ફેરફારો લાવવા માટે લાગુ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિએ ગઇકાલે હિસાર સ્થિત ગુરુ જંભેશ્વર વિજ્ઞાન અને ટેકનોલોજી યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહને સંબોધિત કર્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત

કર્યો કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર મેળવેલ શિક્ષણ વિદ્યાર્થીઓમાં મૌલિક વિચારસરણી અને સર્જનાત્મક ક્ષમતાને પ્રોત્સાહન આપશે અને રોજગારની વધુ સારી તકો પૂરી પાડશે.

(BYTE: દ્રૌપદી મુર્મુ, રાષ્ટ્રપતિ)

# PREZ PUNJAB VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી પંજાબ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢનાં બે દિવસના પ્રવાસે રહેશે. સુશ્રી મુર્મૂ બઠિંડામાં પંજાબ કેન્દ્રીય વિશ્વ-વિદ્યાલય અને અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનના બે પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમોમાં પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# JAISHANKAR-ARMENIA FM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, ભારત અને આર્મેનિયાના ઉષ્માભર્યા સંબંધોનો ઇતિહાસ ધરાવે છે. ગઈકાલે દિલ્હીમાં આર્મેનિયાના વિદેશ મંત્રી અરારત મિર્ઝોયાન સાથેની તેમની મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકરે કહ્યું, દ્વિપક્ષીય વેપાર અને સંરક્ષણ સહયોગમાં વધારો થયો છે. તેમણે આંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સમાં જોડાવાનો આનંદ પણ વ્યક્ત કર્યો. વિદેશ મંત્રીએ નોંધ્યું કે, પ્રથમ આર્મેનિયન અખબાર ભારતમાં પ્રકાશિત થયું હતું.

# X - CYBER ATTACK

ગઈકાલે રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક મોટા સાયબર હુમલાના પરિણામે અનેક નેટવર્કને અસર થઈ હતી. આ હુમલાને કારણે વિશ્વભરના હજારો વપરાશકર્તાઓ તેમના હેન્ડલ ઍક્સેસ કરી શક્યા હતા. આ સાયબર હુમલાની મોટી અસર અમેરિકા અને બ્રિટેનમાં જોવા મળી હતી. તેના પર પ્રતિક્રિયા આપતા, એલોન મસ્કે પુષ્ટિ આપી કે, X પર મોટો સાયબર હુમલો થયો હતો. તેમણે વધુમાં શંકા વ્યક્ત કરી કે, આ હુમલો ઘણા સંસાધનોથી કરવામાં આવ્યો હતો અને તેમણે આ હુમલા માટે કોઇ એક દેશની સંડોવણીની આશંકા વ્યક્ત કરાઇ હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# AGRICULTURE-DATA

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે વર્ષ 2024-25 માટે મુખ્ય કૃષિ પાકોના ઉત્પાદનનો બીજો આગોતરો અંદાજ જાહેર કર્યો છે. ખરીફ અનાજનું ઉત્પાદન અંદાજે એક હજાર 664 લાખ મેટ્રિક ટન થવાનો અંદાજ છે, જ્યારે રવિ અનાજનું ઉત્પાદન એક હજાર 645 લાખ મેટ્રિક ટનથી વધુ થવાનો અંદાજ છે.

ખરીફ ચોખાનું ઉત્પાદન એક હજાર 206 લાખ મેટ્રિક ટનથી વધુ હોવાનો અંદાજ છે, જે 2023-24માં લગભગ એક હજાર 132 લાખ મેટ્રિક ટન હતું. તુવેર અને ચણાનું ઉત્પાદન અનુક્રમે 35.11 લાખ મેટ્રિક ટન અને 115.35 લાખ મેટ્રિક ટન થવાનો અંદાજ છે.

મુખ્ય કૃષિ પાકો પરના ડેટા જાહેર કરતા, કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, કૃષિ મંત્રાલય વિવિધ યોજનાઓ દ્વારા ખેડૂતોને સહાય અને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યું છે, જેના પરિણામે કૃષિ પાક ઉત્પાદનમાં રેકોર્ડ વધારો થયો છે.

# MORTN. MANIPUR-FISH LABORATORY

મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ ઇમ્ફાલમાં મણિપુર યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્ર વિભાગમાં નવી વિકસિત મહસીર હેચરી અને ઇચથિઓલોજી અને જળચરઉછેર પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રયોગશાળા ઉત્તરાખંડના ભીમતાલ સ્થિત ICAR-સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોલ્ડવોટર ફિશરીઝ રિસર્ચ અને મણિપુર યુનિવર્સિટી દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી છે.

ઉદ્ઘાટન સમારોહને સંબોધતા રાજ્યપાલે કહ્યું, માછલી હંમેશા આપણી સંસ્કૃતિનો અભિન્ન ભાગ રહી છે અને મણિપુરના આર્થિક વિકાસ માટે મત્સ્યઉદ્યોગ ક્ષેત્રને મજબૂત બનાવવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું, રાજ્યમાં તળાવો, નદીઓ, અને જળાશયો જેવા વિપુલ પ્રમાણમાં જળસંગ્રહ છે અને તેથી સમૃદ્ધ મત્સ્યદ્યોગ વિકસાવવાની અપાર સંભાવનાઓ છે.

શ્રી ભલ્લાએ જણાવ્યું કે, ભારત સરકારે મત્સ્યઉદ્યોગના વિકાસ માટે ઘણી યોજનાઓ રજૂ કરી છે, જેમાં  પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાનો પણ સમાવેશ થાય છે. આ યોજનાઓનો લાભ લેવા તેમણે અપીલ કરી હતી.

# PARA ATHLETICS GRAND PRIX

વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિકસ આજે બપોરે નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે શરૂ થશે.

ત્રણ દિવસીય આ રમતોત્સવમાં કુલ 250 પેરા-એથ્લીટ્સ ભાગ લેશે, જેમાં 145 ભારતીયો અને 20 દેશોના 105 આંતરરાષ્ટ્રીય સ્પર્ધકો સામેલ થશે. તેઓ 90 એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ભાગ લેશે, જે તેને ભારત દ્વારા આયોજિત

અત્યાર સુધીની સૌથી મોટી પેરા-એથ્લેટિક્સ સ્પર્ધાઓમાંની એક હશે. ભારતીય ટુકડીનું નેતૃત્વ પેરિસ 2024 પેરાલિમ્પિક્સના સુવર્ણ ચંદ્રક વિજેતા પ્રવીણ કુમાર, નવદીપ સિંહ અને ધરમબીર કરશે.

વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિકસની 12મી સીઝન ગયા મહિને દુબઈ લેગથી શરૂ થઈ હતી અને આ જુલાઈમાં ચેકિયામાં ઓલોમોક લેગ સાથે સમાપ્ત થશે. નવી દિલ્હી મીટ એ કેલેન્ડર પર બીજો તબક્કો છે. દુબઈ લેગમાં ભારત એક શ્રેષ્ઠ ટીમ સાબિત થઇ હતી, જેણે પાંચ સુવર્ણ, છ રજત અને ત્રણ કાંસ્ય સહિત 14 ચંદ્રક જીત્યા હતા.

# MORN.WPL CRICKET

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, મુંબઈ ઈન્ડિયન્સે ગઈકાલે રાત્રે મુંબઈમાં ગુજરાત જાયન્ટ્સને નવ રનથી હરાવ્યું હતું. મુંબઈ દ્વારા આપેલા 180 રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાતની ટીમ 170 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારતી ફુલમાલીએ 25 બોલમાં 61 રનની ધમાકેદાર ઇનિંગ રમી હતી, જ્યારે અમેલિયા કેરે યજમાન ટીમ માટે ત્રણ વિકેટ લીધી.

અગાઉ, બેટિંગ માટે ઉતર્યા બાદ, મુંબઈએ નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 179 રન બનાવ્યા, જેમાં કેપ્ટન હરમનપ્રીત કૌરે 33 બોલમાં 54 રન બનાવ્યા. તેણીને તેના પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચ તરીકે જાહેર કરવામાં આવી હતી, જે તેણીનો છઠ્ઠો આવો પુરસ્કાર છે, જે WPL ઇતિહાસમાં સૌથી વધુ છે.

# SIRIYA OPERATIONS

સીરિયામાં, વચગાળાની સરકારે જાહેરાત કરી કે, તેણે પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ બશર અલ-અસદના વફાદાર લડવૈયાઓ સામે લશ્કરી કાર્યવાહી સમાપ્ત કરી દીધી છે. ડિસેમ્બરમાં 13 વર્ષના ગૃહયુદ્ધના અંત પછીની આ સૌથી વિનાશક લડાઈ હતી.

# MUMBAI-JUTE MARK INDIA SCHEME

કેન્દ્રીય કાપડ મંત્રાલય હેઠળની કાપડ સમિતિએ ગઈકાલે મુંબઈમાં જ્યુટ માર્ક ઈન્ડિયા, JMI યોજના હેઠળ જાગૃતિ વર્કશોપનું આયોજન કર્યું હતું. આ વર્કશોપ કારીગરો, સ્વ-સહાય જૂથ, શણના ઉત્પાદકો, જવાબદાર નાગરિકો અને અન્ય હિસ્સેદારોને આ યોજના વિશે માર્ગદર્શન પુરૂ પાડવા માટે યોજાયો હતો. મહારાષ્ટ્રના કાપડ મંત્રી સંજય વામન સાવકરે શણના ઉત્પાદનોની ગુણવત્તા સુધારણા અને પ્રોત્સાહન પર ભાર મૂક્યો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- આજનાં અખબારોમાં વનુઆતુ દ્વારા લલિત મોદીનો પાસપોર્ટ રદ, શરાબ કૌભાંડમાં છત્તીસગઢના પૂર્વ સીએમના ઘરે ઇડીનાં દરોડા, કેનેડાના પ્રધાનમંત્રી તરીકે માર્ક કાર્નીની વરણી અને સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની શરૂઆત- રાજ્યમાં તીવ્ર ગરમી જેવા સમાચાર જોવા મળે છે.
- રાજસ્થાન પત્રિકા જણાવે છે કે, લલિત મોદી ન ઘર કે ન ઘાટ કે, રદ્દ હોગા વનુઆતુ કા પાસપોર્ટ
- દિવ્ય ભાસ્કર હેડલાઇનમાં જણાવે છે કે, 45.5 ડિગ્રી સાથે દાહોદ સૌથી ગરમ, 17 શહેરોમાં પારો 39 ડિગ્રીને પાર થયો
- ગુજરાત સમાચારની હેડલાઇનમાં છે- કેન્દ્ર 10 હજાર કરોડ રૂપિયા આપે તો પણ નવી શિક્ષણ નીતિ સ્વીકારવા સ્ટાલિનનો ધરાર ઇનકાર- ત્રણ ભાષાની શિક્ષણ નીતિ મુદ્દે લોકસભામાં ‘હોળી’
- સંદેશ હેડલાઇનમાં જણાવે છે- નવી શિક્ષણ નીતી, ભાષા મુદ્દે સંસદમાં હોબાળો
- અમદાવાદ મિરર હેડલાઇનમાં લખે છે કે- ગૂરુવારે અને શુક્રવારે, હોળી અને ધૂળેટીની રજાઓ તથા શનિવાર-રવિવારની રજાઓનો લાભ લઈને અમદાવાદીઓએ ફરવા જવાનો પ્લાન કર્યો છે.
- નવ ગુજરાત સમય પ્રથમ પાને સમાચારમાં જણાવે છે કે, આરોગ્ય મંત્રાલયે આઇપીએલને તમાકુ, આલ્કોહોલની જાહેરાત પર પ્રતિબંધ મૂકવા અનુરોધ કર્યો છે
- સ્થાનિક સમાચાર જોઇએ તો- ગુજરાત સમાચાર લખે છે કે- ગુજરાત હાઇકોર્ટમાં રિટ- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં વસતિના પ્રમાણમાં અનામત જાહેર કરો